





વંશ પરંપરા ની ચાલે પક્ષ કોહવાયો છે,
આંતરિક ખટપટમાં જ પક્ષ ધોવાયો છે,
વગોવાયો છે પક્ષ બેફામ ખાયકી-કૌભાંડે
રાજકારણના નકશામાં પક્ષ ખોવાયો છે
(હવે બેઠો નહિં થાય - હંસરાજ ભરદ્વાજ)




ફાટફૂટમાં
કામ બોલતાં નથી -
બોલે છે ડખો
(આમ આદમી પક્ષ)

ઉન્માદી ઘોડો
અનુભવે છે તાણ -
સંઘ લગામે..
(અંકૂશ અને દબાણ)

## ચિંતન

**મિત્રં પ્રિતી રસાયનં નયનોયોરાનંદન ચેતસઃ પાત્રે યત્સુખદુઃખયોઃ સહ ભવેન્મિત્રેણ તદુર્લભમ્ ।**
**યે ચાન્યે સહૃદઃ સમૃદ્ધિ સમયે દ્રવ્યાભિલાષા કુલાસ્તે સર્વત્ર મિલન્તિ તત્ત્વ નિકષગ્રાવા તુ તેષાં વિપત્ત ॥**

મિત્ર શું છે? એનો જવાબ આ શ્લોકમાં છે :

મિત્ર એ પ્રિતીને વધારનાર રસાયણ છે જે બે આંખો ને શિતળતા સાથે આનંદ આપનાર પણ છે જે ચિત્તને માટે રહેવાનું આશ્રય સ્થાન પણ બને છે. આવા ગુણવાણો મિત્ર મળવો દુર્લભ અને મુશ્કેલ જ છે.

સમૃદ્ધિ અને સંપત્તિની પરિસ્થિતિમાં તો દ્રવ્ય લાભની અપેક્ષા એ આવી મળનારા મિત્રો તો અનેક મળી રહે છે પણ સાચા મિત્રની પરીક્ષા તો વિપત્તિ વખતે સાથ આપે અને સાથે રહે - ત્યારે જ થાય છે.'

આજના કળિકાળ અને સ્વાર્થના જમાનામાં માણસ જયારે માત્ર પોતાના જ હિતનો વિચાર કરતો રહે છે ત્યારે - દુખમાં સાથ આપનાર, વિપત્તિમાં મદદરુપ - સાચી સલાહ આપનાર અને સદાય આપણું - મિત્રનો હિતનો જ વિચાર કરનાર સુહૃદય - સાચો મિત્ર મળવો મૂશ્કેલ છે.

## સુવિચાર

- પરિણામોની અપેક્ષાવાળી શ્રદ્ધાની કશી જરૂર નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- તમારું સ્વાતંત્ર્ય વિચારોમાં એન કર્મમાં ભરપૂર વ્યક્ત કરો **- સરદાર પટેલ**
- જયાં સુધી દેહની આવશ્યકતા છે ત્યાં સુધી દેહ ટકી જ રહેશે.. મહત્ત્વ દીર્ઘજીવનનું નહીં, પૂર્ણ જીવનનું છે **- ઓશો**
- સાધના શ્રમવિહીન હોય છે.. કારણ કે એમાં 'કરવા જેવું' કશું નથી હોતું.. ઉલ્ટાનું કશું જ 'ન કરવાનું' એ જ સાધના હોય છે **- જ્ઞાનસૂત્ર**
- તમારી પાછળ સુખ અને દુઃખનો ઘોંચપરોણો હોવાથી તમે જ્ઞાનની શોધમાં રહો છો **- ડોંગરેજી મહારાજ**
- પાપની વિરુદ્ધ તમે જે પૂણ્ય કહો છો તે ભયથી ઉત્પન્ન થયેલ આજ્ઞા પાલન હોય છે **- મુનિ ભાનુચંદ્રજી**
- તમારા મન પર અતિશય તત્પરતાથી લક્ષ રાખો, કારણ ત્યાં જ તમારું બંધન અને સ્વાતંત્ર્યની ચાવી છે **- ધ્યાનસૂત્ર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજના નેતાઓ 'સૌથી ઊંચી પ્રતિમા' બનાવવામાં પ્રજાની પ્રતિમાને ઝાંખી અને નીચી પાડે છે. સાધુ-સંતો, પોતાના અને આશ્રમના વિકાસ માટે 'ફંડ ફાળા' ઉઘરાવે છે. યજ્ઞો-કર્મકાંડ માટે કોઇ 'પુરસ્કૃતા'ડોનર શોધે છે. આમાં પ્રજાનું 'કલ્યાણ' કયાંય ચિત્રમાં જ નથી હોતું.'

જાપાનના ઝેન મહાત્મા 'તેત્ઝુ' ચીની ભાષાના સૂત્રો વાંચ્યાં તેનાથી ખૂબ પ્રભાવિત થયા. આ ચીની સૂત્રો જાપાનીશ ભાષામાં છપાય તો મારી પ્રજાને ધર્મ અને સંસ્કારની સાચી સમજ પ્રાપ્ત થાય. સાત હજાર ચીની ભાષાના પુસ્તકો - જાપાનીઝમાં છાપવા ફંડ એકત્ર કરવા લાગ્યા. ફંડ એકત્ર થતાં પાંચ વર્ષ લાગ્યાં.

એવામાં એ વખતે પણ દરિયામાં 'સુનામી' આવ્યું અને જાપાનીશ પ્રજા બે-ઘર અને જાનમાલની ખૂબ જ નૂકશાની થઇ. 'તેત્સુ'થી આ જોવાયું નહીં. પુસ્તકો માટેનું ફંડ ગરીબોના કલ્યાણ માટે વાપરી નાખ્યું.

ફરી પુસ્તકો માટે ફંડ એકત્ર કરવા લાગ્યા. ત્રણ વર્ષ થયાં. ત્યાં જાપાનમાં મહામારી - મોટો રોગચાળો ફાટી નીકળ્યો. લોકો દવા-દારુ અને પોષણ વિના ટપોટપ મરવા લાગ્યા. બીજીવાર એકત્ર ફંડ ફરી પીડાતી જાપાનીશ પ્રજા માટે વાપરી નાખી.

ત્રીજીવાર જે ફંડ એકત્ર થયું એમાંથી સાત હજાર પુસ્તકો છપાયાં. જાપાનીશ પ્રજાના બાળકો જયારે આ સૂત્રો વાંચે છે ત્યારે તેમનાં મા-બાપ, 'તેત્સુ'ના પ્રયત્નોની પ્રસ્તાવના પોતાનાં બાળકોને જરૂર સમજાવે છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# ધોરણ-૧૨માં અભ્યાસ કરતા કિશોર દ્વારા લખાયેલ પર્યાવરણ પીડા અને પક્ષીપ્રેમને વ્યક્ત કરતી બાળ કિશોર લઘુનવલ

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

ગુજરાતી સાહિત્યમાં તેમાં પણ ખાસ બાળ સાહિત્યમાં મૌલિક કથા સાહિત્યનો અભાવ પ્રવર્તે છે. પંચતંત્રની વાતો, દાસપની વાતો, પુરાણોની વાતો, કે મુલ્લા નસરુદ્દીનની વાતોના નામે રૂપાંતરો, ભાષાંતરો અને જુની વાતોને નવી રીતે રજૂ કરવાનો સીલસીલો ચાલુ રહ્યો છે. ગિજુભાઇ બધેકા, જીવરામ જોષીની વાર્તાઓ પછી બાળવાર્તા ક્ષેત્રે રમેશ પારેખ, યશવંત મહેતા, હરિશ નાયક, નટવર પટેલ, રમેશ ત્રિવેદી જેવા લેખકોએ જુદી ભાત પાડતી વાર્તાઓ આપી છે. તેમ છતાં ગુજરાતી બાળ કિશોર નવલ કે લઘુનવલ ઓછી લખાય છે. તેમાં આ ક્ષેત્રમાં પ્રવેશનાર નવોદિત લેખક જે પોતે પણ ધોરણ-૧૨માં અભ્યાસ કરે છે તેનું પુસ્તક આવે તેને આવકારદાયક લેખાવું જોઇએ.

હાં, મારે આજે તમને એક બાળકિશોર લઘુ નવલ 'પિયુ, પોપટ અને પારધી' વિશે વાત કરવી છે. પુસ્તકના પાન નં. ૯ થી ૭૬ સુધી સળંગ લખાયેલી તેની વાર્તા વિશે ડો. કનૈયાલાલ ભટ્ટે લેખકના પરિચયમાં વાર્તાની વિગત આપી છે. જેમાં મેના અને રામ (પોપટ)નું મિલન, પોપટનો પારધી દ્વારા થતો શિકાર, મેનાની કુદરતી હોનારતમાં ઇંડા બચાવવાની ક્રિયા, સ્વીટુ - મેના વચ્ચેનો પ્રેમ, આંબો મુકીને બીજા વૃક્ષ પર માળો બનાવવાની વ્યથા, બાળ સ્વીટુંને ધક્કો મારીને ઉડાડતાં શીખવવું, સ્વીટુંનો પ્રયત્ન, ફરીથી પકડાવું, બંનેનું પારધી દ્વારા છટકીને માં ને બચાવવાનો પ્રયત્ન, ફરીથી પકડાવું બંનેનું પારધી દ્વારા વેચાઇ જવું. છૂટા પડવું, સ્વીટુનું કરણને ઘરે જવું અને મેનાનું સરકસમાં જવું, સરકસમાં જીવંત ચિત્ર, સ્વીટું-મેના વચ્ચેનો પ્રેમ-વિરહ અને એ સંદર્ભે થતું માતૃત્વનું જ્ઞાન સંબંધ બને છે. લેખકની વર્ણન શૈલી ચિત્રાત્મક છે. બધા જ પ્રસંગો જીવંત રુપે આલેખાયેલા છે. ભાષા સરળ અને ગતિશીલ છે. વિગેરે... વિગેરે...




આ બાળકિશોર લઘુ નવલમાંથી પસાર થતાં કેટલીક બાબતો ખાસ ધ્યાનમાં આવી છે. જેમ કે વાર્તા શરૂ થાય છે. ત્યાંથી પુરી થાય છે. ત્યાં સુધી સળંગ ચાલ્યે જ જાય છે. લેખકે કયાંક પોરો ખાયો નથી. લઘુનવલમાં પણ પ્રકરણો તો હોય જ છે. પણ અહીં એનો અભાવ જ નહીં બિલકુલ જોવા મળતું નથી. બીજી બાબત વાર્તામાં જુદાં જુદાં પાત્રો વચ્ચે સંવાદથી વાર્તા આગળ વધે ત્યારે વાંચકને વધુ રસ પડતો હોય છે. અહીં એ પણ જોવા મળતું નથી. પશુપંખીઓની વાર્તાઓમાં પણ સંવાદો હોય તો તે રસપ્રદ નિવડતા હોય છે.

બીજી એક ખાસ બાબત પણ ધ્યાનમાં આવે છે. લેખકે પોપટ પાસે જુદાં જુદાં ઝાડ પર બે વખત માળા બનાવડાવ્યા છે જે આંબા અને વડનાં મોટા લીલાછમ્મ ઝાડ હોવાની વાત પણ લેખકે કરી છે. ખરી વાત એ છે કે પોપટ કયારેય માળા બાંધતો નથી. પોપટ મોટા ભાગે ઝાડનાં સુક્કાં થડમાં બખોલ બનાવીને જ રહેવાનું વધુ પસંદ કરતા હોય છે. પોપટના ખોરાક વિશે પણ લેખકની અલ્પ માહિતીનો ખ્યાલ આવી જાય છે. પોપટ ખોરાકમાં જુદા જુદા ઝાડની શીંગો, કૂંપળો અને અનાજનો ઉપયોગ કરતો હોય છે. લેખકે શિકારી અને સરકસના માલિકનાં પાત્રોનું વર્ણન સારું કર્યુ છે પણ તે કોઇ ફિલ્મોમાં આવતાં હોય એવા લાગે છે. પાન નં. ૨૯ પર મેનાનું બચ્ચું ઇંડામાંથી બહાર આવતાં ટ્રાંઉ... ટ્રાઉં... કરે છે. એમ લખકે લખ્યું છે. પોપટનું બચ્ચું એવું બોલે ખરું? તો પાન નં. ૩૬ પર પારધી આસોપાલવના ઝાડ પર ચડી ગયો છે. લેખક આસોપાલવ તો બગીચામાં હોય, ખરું કે નહીં? તે ઉપરાંત વાર્તામાં માતા વિષેની વાતો અને બીજાં કેટલાય વાકયોનું બે ત્રણ વખત પુનરાવર્તન થયુ છે જે ટાળી શકાયું હોત.

પશુ-પંખીઓને વેચતા માનવો પર લેખકનો ગુસ્સો સ્વાભાવિક છે. પણ વ્યંગ નબળો છે. વિસ્તરતાં જતાં શહેરોને કારણે જંગલો કપાવાને કારણે પશુ પક્ષીઓને પડતી મુશ્કેલીઓ, પર્યાવરણના પ્રશ્નો અને પીડાની વાત કરવાની કોશિષ લેખકકે જરૂર કરી છે પણ તેમાં રજૂઆત અને કહેવાનો ઢંગ નબળો લાગ્યા વિના રહેતો નથી. માનવીઓ દ્વારા પશુ-પક્ષીઓ સાથે કરતા વ્યવહારથી બાળલેખક જે દુઃખ અનુભવે છે. તે અહીં મેના અને સ્વીટુંની મનો સ્થિતિ ના આલેખન દ્વારા પ્રસ્તુત કરવાનો પ્રયાસ સરળ રીતે કરવામાં આવ્યો છે. પુસ્તકના મુખપૃષ્ઠ પર જે શિર્ષક અપાયું છે તેમાં પિયુ, પોપટ અને પારધી' લખાયું છે. પિયુ એટલે તે પતિ પણ અહીં તો પિયુ એમાં એમ લખાયું છે. તેનો અર્થ સ્પષ્ટ થતો નથી. વાર્તામાં પણ એ બાબત નજરે પડતી નથી. મુખપૃષ્ઠનું પોપટનું કોઇ બાળકે દોરેલું હોય એવું ચિત્ર બાળ વાંચકો માટે આકર્ષક છે પરંતુ અંદર - શ્વેતશ્યામ ત્રણ ચિત્રો છે તે ન મુક્યાં હોત તો પણ કદાચ ચાલત. વાર્તામાં કયાંક-કયાંક વાક્ય રચનાઓ કે જોડણીમાં ભૂલો હોવાનું તો ડો. કનૈયાલાલે નિર્દેશ્યુ છે. હાં માતૃત્વજ્ઞાન, કહેવતો જાણે પરાણે ઘુંસાડી હોય તેવું વાંચનારને લાગ્યા વિના રહેશે નહીં તેના કારણે વાર્તા કથનની જીવંતશૈલી હોવા છતાં તેમાં વિક્ષેપો જેવું લાગે છે.

'પિયુ, પોપટ અને પારધી' બાળ કિશોર લઘુ નવલના લેખક યશ પટેલ અમદાવાદમાં રહેતા હોય એવું લાગે છે. સ્કૂલ ઓફ એચિવરના ધો-૧૨ના વિદ્યાર્થીનો આ પ્રયત્ન પહેલો હોઇ કાબિલે તારીફ ગણી શકાય. 'ભીંતરની વાત...' કરતાં લેખક લખે છે કે આ પુસ્તક મારી જિંદગીનું પ્રથમ પગથીયું છે. ત્યારે તેમના આ પ્રયત્નને આવકારીએ તે આપણા સૌ માટે સારી બાબત કહેવાય.

'પિયું, પોપટ અને પારધી' (બાળ કિશોર લઘુ નવલ)
લેખક - યશ પટેલ
પ્રકાશક - પોતે
સંપર્ક - ૧૦૩, મહાવીર ફ્લેટ, ઉત્સવ રેસીડેન્સીની બાજુમાં
ન્યુ સી.જી. રોડ, ચાંદખેડા - ૩૮૨૪૨૪
કિંમત - રૂા. ૮૦/-
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪

# ઉત્તરપ્રદેશના મથુરા જિલ્લામાં આવેલ વૃંદાવનમાં તમને સફેદ વસ્ત્રો પહેરેલી સેંકડો સ્ત્રીઓ જોવા મળશે, એવું મનાય છે કે જો આ વિધવાઓ તેઓનું જીવન ભગવાન શ્રીકૃષ્ણને સમર્પિત કરે તે તેઓ જીવન અને મોતના ચક્કરમાંથી મુક્ત થાય અને તેઓને મોક્ષ મળે

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

આજે આપણે એકવીસમી સદીના બીજા દાયકામાં છીએ. દેશ અને સમાજમાં ઘણી પરિવર્તનો આવવા છતાં આજે પણ ભારતમાં ઘણા વિસ્તારોમાં વિધવાની સ્થિતિમાં કોઇ ફેરફાર થયો નથી. આજે પણ પતિનું મૃત્યુ થતા સ્ત્રીને ટકોમુંડો કરવામાં આવે છે. તેણે સફેદ વસ્ત્રો પહેરવા પડે છે અને વિધવાની હાજરી અશુભ ગણાતી હોવાથી લગ્ન જેવ શુભ પ્રસંગોમાં તે ભાગ લઇ શકતી નથી. કેટલીક વિધવાઓને તેઓનાં પરિવારજનો જ ઘરમાંથી હાંકી કાઢે છે અથવા 'વિધવાના શહેર' ગણાતા વૃંદાવનમાં મૂકી આવે છે.

ઉત્તરપ્રદેશના મથુરા જિલ્લામાં આવેલ વૃંદાવનમાં તમને સફેદ વસ્ત્રો પહેરેલી સેંકડો સ્ત્રીઓ જોવા મળશે. એવું મનાય છે કે જો આ વિધવાઓ તેઓનું જીવન ભગવાન શ્રીકૃષ્ણને સમર્પિત કરે તે તેઓ જીવન અને મોતના ચક્કરમાંથી મુક્ત થાય અને તેઓને મોક્ષ મળે. જો કે વૃંદાવનમાં વિધવાઓને બળજબરીથી દેહવ્યાપારમાં ધકેલવામાં આવે છે. જયારે વૃદ્ધ વિધવાઓ યાત્રાળુઓ અને પ્રવાસીઓ પાસેથી ભીખ માગીને પેટ ભરે છે. કેટલીય વિધવાઓ બીજા લોકોનાં ઘરોમાં કામ કરીને થોડી આજીવિકા ઊભી કરે છે. બાળપણથી આ વિધવાઓને જોતા ડો. લક્ષ્મી ગૌતમ તેઓની દયનીય હાલત જોઇને ઘણી વખત દ્રવી ઊઠતા અને એટલે જ આજથી છ વર્ષ પહેલાં તેમણે આ વિધવાઓની સ્થિતિ સુધારવાનું બીડું ઝડપ્યું.

૫૨ વર્ષના ડો. લક્ષ્મી ગૌતમ વૃંદાવનમાં જ જન્મ્યા છે અને છેલ્લે ૧૨ વર્ષથી વૃંદાવન કોલેજમાંથી ઇન્સ્ટિટયુટ ઓફ ઓરિએન્ટલ ફિલોસોફીમાં પ્રાચીન ઇતિહાસ અને સંસ્કૃતિનું શિક્ષણ આપતા ઇતિહાસના પ્રોફેસર છે. તે કહે છે, 'માતાઓ (વિધવાઓ)ની સેવા એ મારા જીવનનું મિશન છે. વિવિધ અહેવાલો અનુસાર વૃંદાવનમાં છ થી દસ હજાર વિધવાઓ રહે છે, જે પૈકીની ઘણી પશ્ચિમ બંગાળમાંથી આવેલી છે. જો કે. ડો. લક્ષ્મી અનુસાર માધ્યમો વિધવાઓનો આંકડો ઘણો ઊંચો જણાવે છે. પરંતુ વૃંદાવનમાં માત્ર બે હજારથી પચીસો જેટલી વિધવાઓ છે.'

ડો. લક્ષ્મી સવારે ઘરેથી નીકળીને વૃંદાવનની ગલીઓ અને રસ્તાઓમાં ફરતા રહે છે. તેમને રસ્તા પર ત્યજાયેલી વિધવા મળે તો તે તેને ભોજન દૂધ, નાસ્તો અને કપડાં ખરીદીને આપે છે. જો વિધવા બીમાર હોય તો તેને નજીકની કોઇ સરકારી હોસ્પિટલમાં લઇ જઇ સારવાર કરાવે છે. જો હોસ્પિટલ દવા મફ્ત ન આપે તો ડો. લક્ષ્મી પોતાના પૈસાથી દવા ખરીદીને વિધવાને આપે છે. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ તે વિધવાને તેના ઘરે પાછી મોકલવાની વ્યવસ્થા કરે છે. જો કોઇ વિધવા ઘરે પાછી જવા તૈયાર ન હોય તો તેને સ્થાનિક આશ્રમમાં અથવા સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચલાવાતા કોઇ પણ ઘરડાઘર કે વિધવા આશ્રમમાં મોકલે છે. જે વિધવાનું કોઇ સંબંધી ન હોય તેને તે રાજસ્થાનમાંનાં અપના ઘરમાં મોકલે છે. મોટા ભાગની વિધવાઓ ઘરે પાછા જવા માગે છે, પરંતુ તેઓ વૃંદાવનમાં જ રહેવાનું નક્કી કરે છે, કારણ કે તેઓને ડર હોય છે કે તેઓનાં સંતાનો તેઓની કાળજી નહીં લે.

વૃંદાવનમાં વિધવાઓ મૃત્યુ પામે તો તેઓની અંતિમવિધિ કરનાર કોઇ હોતું નથી, એટલે દિવસો સુધી તેમની લાશ સડતી રહે છે. ગત વર્ષે ડો. લક્ષ્મીને એક વિધવાની લાશ મળી હતી, જે ત્રણ દિવસથી રસ્તા પર પડી રહી હતી. આ વિધવાને તેના પુત્રએ ઘરમાંથી કાઢી મૂકી હતી. ડો. લક્ષ્મી આવી મૃત વિધવાઓની અંતિમવિધિ માટે લાકડાં લઇ આવે છે, એટલું જ નહીં, જાતે જ મૃતદેહને ચિતા પર મુકીને તેના અગ્નિ સંસ્કાર કરે છે. લગભગ પાંચસો જેટલી વિધવાઓના અગ્નિસંસ્કાર કરી ચૂકેલા ડો. લક્ષ્મી કહે છે, 'લોકોને મૃત્યુનો ડર લાગે છે, પરંતુ હું ડરતી નથી. હું જાતે જ આ વિધવાઓનાં અગ્નિસંસ્કાર કરું છું.'

વિધવાઓના જીવનને થોડું સારું બનાવવા માગતા ડો. લક્ષ્મી ગૌતમે 'કનક ધારા ફાઉન્ડેશન વૃંદાવન' નામની સ્વૈચ્છિત સંસ્થા સ્થાપી છે, જે વિધવાઓની તકલીફોને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. તે વિધવાઓને પેન્શન મેળવવામાં મદદ કરે છે. તે વિધવાઓને ભોજન, ધાબળા, દવા પૂરા પાડે છે. તે મહિનામાં સરેરશ ૩-૪ વિધવાઓની મદદ કરે છે. બે વર્ષ પહેલાં તેમની મુલાકાત એવી વિધવા સાથે થઇ હતી, જેની પુત્રીએ તેની પાસેથી રોકડ રકમ અને ઘરેણાં છીનવી લીધા બાદ તેને ઝેર પીવડાવવાનો પ્રયત્ન કર્યો હતો.

ડો. લક્ષ્મીનું કહેવું છે કે સ્ત્રી ગર્ભમાં હોય ત્યારથી જ તેણે સૌથી વધુ સહન કરવું પડે છે. ઘરે, શિક્ષણ સંસ્થાઓ અને કામના સ્થળોએ તેની સાથે ભેદભાવ રાખવામાં આવે છે. લગ્ન બાદ ઘણી સ્ત્રીઓએ દહેજને લગતી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. વિધવાઓની સ્થિતિ કરુણ અને દયનીય છે. તેઓને માથુ બોડાવીને સફેદ વસ્ત્રો પહેરવા પડે છે અને સામાજિક પ્રસંગોમાં તેઓને ભાગ લેવા દેવાતો નથી. જયારે પત્નીના મૃત્યુ બાદ પુરુષ માટે સ્થિતિ અલગ હોય છે. વિધુર ફરીથી લગ્ન કરી શકે છે, પરંતુ વિધવા માટે પુનઃલગ્ન મુશ્કેલ છે.

ડો. લક્ષ્મી કહે છે કે તેમને વિધવાઓની સેવામાં સંતોષ મળે છે. તેમનું કહેવું છે કે વિધવાઓની સેવામાં ઘણો સંતોષ મળે છે. તેમનું કહેવું છે કે વિધવાઓને મદદ કરવી એ તેમની પહેલી પ્રાયોરિટી છે. લોકો દાન આપવા તેમનો સંપર્ક કરે છે, પરંતુ તે દાન સ્વીકારતા નથી. તે કરે છે. 'મને જયારે પણ પુત્રોની જરૂર પડે ત્યારે મારા બે પુત્રો મને આર્થિક સહાય કરે છે.'

પોતાના પૈસાથી વિધવાઓની સેવા કરતા ડો. લક્ષ્મી ગૌતમનું ગત વર્ષે સીએનએન - આઇબીએનના રિયલ હીરો એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું.

# સાવધાન ! હમારે ગુરુજી ગહન સમાધિ મેં હૈ...

## રોહિતોપદેશ

- રોહિત શાહ

દેશમાં કહેવાતા સંતો અને સાધુ-બાવાઓનાં જે ધતિંગો ચાલે છે, જે બખડજંતર વધી રહ્યાં છે એ જોઇને નવી જનરેશનને નાસ્તિક બનાવનો પૂરો અધિકાર છે. નિત્યાનંદો અને આસરામો, નારાયણ સાંઇઓની એક લંપટલીલા પૂરી થતી નથી ત્યાં તો બીજો બાવો જમીનમાંથી સોનાના ઢગલા કાઢવાનાં તરંગી ખ્વાબના તમાશા કરાવે છે. કોઇ સાધુ નાના બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરતાં ઝડપાઇ જાય છે, તો કોઇ સાધુ પોતાના શ્રીમંત ભક્તની પત્નીને હોટેલમાં બોલાવતાં ઉઘાડો પડી જાય છે. બીજી તરફ એક સાધુ મૃત્યુ પામે છે તો પણ તે સમાધિમાં હોવાનાં ડિંડવાણાં ચલાવીને તેના ગણતરીબાજ ચેલાઓ પ્રજાને ગુમરાહ કરે છે. કોઇક સામૈયાં કરાવે છે - વરઘોડા કઢાવે છે, તો કોઇક તીર્થ અને તિથિના વિવાદો પ્રગટાવીને એક જ ધર્મના લોકોને અલગ પાડે છે.

જે બાવો જમીનમાંથી સોનાનાં ભંડાર કાઢી આપવાની ગેરન્ટીઓ આપીને દેશને ગેરમાર્ગે દોરતો હતો એ બાવો અત્યારે કયાં છે? તેને એવા જૂઠાણાં ચલાવવા માટે કેમ કોઇ પનિશમેન્ટ થતી નથી? પોતાના ગુરુ મૃત્યુ નથી પામ્યા પણ સમાધિમાં ચાલ્યા ગયા છે અને ગમે ત્યારે પાછા આવશે એવી અફવાઓ ફેલાવનારા વેશધારીઓને પોતાનાં જૂઠાણાં પકડાઇ જવાનો ભય પણ કેમ નથી? આ દેશની પ્રજા ભોટ છે અને પેતો જે રીતે ભરમાવવા ઇચ્છશે એમ તેને ભરમાવી શકાશે એવો તેમનો ભરોસો કેમ આટલો બધો મજબત છે?

ભારતમાં સાધુ-સંતો વૈરાગીઓ - વીતરાગીઓનો જ એક એવો બિઝનેશ છે જેમાં કદી મંદી આવતી નથી. આ બિઝનેશમાં કોઇ ઇન્કમટેક્સ કે વેટ હોતો નથી. કરોડોનો કારોબાર ખુલ્લેઆમ બે નંબરી ચાલે છે. કોઇ ભવ્ય મંદિર બને છે ત્યારે એના નિર્માણના પૈસા કયાંથી આવ્યા, કયા ભક્ત પાસેથી કેટલી રકમ મળી એના પારદર્શક હિસાબો કદી જોવા મળતા નથી. મારું ચાલે તો કોઇ પણ મંદિરમાં દાનપેટી કે ભંડાર મૂકવા પર પ્રતિબંધ મૂકી દઉં. મંદિરમાં કોઇ ગુપ્તદાન ન હોવું જોઇએ. ધાર્મિક ટ્રસ્ટ પાસે માત્ર ચેકનું જ પેમેન્ટ આવેલું હોવું જોઇએ. આવો કાયદો ન હોવાને કારણે દાનની રકમો ટ્રસ્ટીઓ કે પ્રેરક સાધુઓ ખાઇ જાય તોયે કોને ખબર પડે? એ તો ભંડારમાંથી ગુપ્તદાનની રકમ મળી હતી - એમ કહીને છટકી જવાય છે. બે નંબરની રકમોથી આપણાં કહેવાતાં ધાર્મિક સ્થળો ખદબદી રહ્યા છે, એમાં મુખ્યત્વે તો સાધુ-બાવાઓ જ જવાબદાર છે.

એક મહાશય તો ટીવીની ચેનલ પર દરબાર ભરીને બેસે છે અને ડફોળ ભગતડાઓ ઉપર દેવ-દેવીની 'કિરપા' (કૃપા) વરસાવી આપવાનાં ધતિંગો ચલાવે છે. કેટલીક ચેનલો પર હવે રીતસર ફંડફાળા ઉઘરાવવાના જ કાર્યક્રમો ચાલે છે. કોઇ ગાયના નામે ફાળો ઉઘરાવે છે તો કોઇ ગરીબોની સેવા માટે, કોઇ મંદિરના નિર્માણ માટે તો કોઇ સાધુ-સંતોની દવા માટે કે દર્દીઓની સેવા માટે ફંડફાળા ઉઘરાવે છે. આમાં સાચું કેટલું છે, એમાં તથ્ય શું છે - એની કશી જ વિગતો બહાર આવતી નથી. કોઇ પણ ધાર્મિક ટ્રસ્ટના હિસાબો પારદર્શક હોતા જ નથી. બધું સેટલ કરેલું હોય છે, એડજસ્ટ કરેલું હોય છે. આવું કેમ?

આસારામ અને નારાયણ સાંઇ જેવાઓ કદી કયાંક નોકરી કરવા ગયા નથી કે નથી તેમણે કોઇ બિઝનેસ કર્યો. તો પણ તેમની પાસે કરોડોની સંપત્તિના ઢગલા શાના છે? મને કોઇ સાધુ ગરીબ દેખાતો નથી અને કોઇ સતીને મેં કદી સુખી જોઇ નથી.

ભારતની કાનૂન-વ્યવસ્થા કઢંગી છે. પાપ અને પાખંડ કરનાર ધર્મની ચાદર હેઠળ આસાનીથી છૂપાઇ શકે છે. સાધુ-બાવાઓ ખાનગીમાં જે દુરાચારો સેવે છે એ જોતાં આપણું સંસારીજનોનું જીવન વધારે પવિત્ર લાગે છે. આપણે ભલે વૈરાગી-વીતરાગીનાં સ્ટિકરો આપણા નામ આગળ લગાડતા નથી, છતાં પૂરા સ્વાવલંબી તો છીએ ને! આપણે ભલે આપણા નામની આગળ બ્રહ્મચારીનું લેબલ લગાડતા નથી, છતાં આપણે પાખંડી દુરાચારી તો નથી જ !

ભારત સિવાય દુનિયાના કોઇ દેશમાં સાધુ-બાવાઓને ભ્રષ્ટ થવાની આટલી બધી તકો આપવામાં આવતી નથી. મોટો ચમરબંધી સાધુ હોય તો પણ ખોટું કરે એટલે તરત તેને પનિશમેન્ટ થાય છે. આપણે ત્યાં તો આસારામ જેવા સાધુઓ જેલમાં બેઠા હોય તો પણ કોર્ટમાં હાજર થવા બાબતે પોતાના માટે ચાટર્ડ પ્લેનની વ્યવસ્થા કરવા કહી શકે છે, બોલો! જાણે બહુ રાષ્ટ્રભક્તિ કરતા-કરતા જેલમાં ન ગયા હોય!

કોઇ પણ ધર્મ કે સંપ્રદાય આજે સાધુઓના પ્રદૂષણથી મુક્ત નથી. આ બાબતે આપણી પ્રજ્ઞા જાગે તો નો પ્રોબ્લેમ.